ડેપોમાં વધુ ત્રણ મુસાફરો પીક પોકેટર્સનો ભોગ બન્યા

પોલીસ પોઈન્ટ મુકવા માટેની જગ્યા ફાળવવામાં એસ.ટી. નિગમના ઠાગાઠૈયા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર એસ.ટી. ડેપોમાં આજે વધુ ત્રણ મુસાફરો પીક પોકેટર્સનો ભોગ બનવા પામ્યા હતાં. શહેરના સેકટર-૮માં રહેતા વૃધ્ધ દંપતી પૌત્રીને લઈને રાજકોટ જવા નીકળ્યા હતા તે દરમિયાન બસમાં ચઢતી વખતે કોઈ પીક પોકેટર ભીડભાડનો લાભ લઈને પર્સ સરકાવી પલાયન થઈ ગયો હતો. તે ઉપરાંત સવારના જ અરસામાં ખિસ્સા કાતરી જવાના અન્ય બે કિસ્સાઓ પણ ગાંધીનગર ડેપોમાં બનવા પામ્યા હતાં. જો કે આ સંબંધે પોલીસ ફરિયાદ કરવાનું ખિસ્સા કાતરુઓનો ભોગ બનનાર મુસાફરોએ ટાળ્યું હતું.

શહેરના સેકટર-૮માં રહેતા ૬૫ વર્ષીય એન.ડી. બલોચ તેમના પત્ની અને પૌત્રી હફસાને લઈને રાજકોટ જવા માટે ગાંધીનગર એસ.ટી. ડેપો સવારના સુમારે પહોંચ્યા હતા. માણસા-જામનગર રૂટની એસ.ટી. બસ આવતા તેઓ બસમાં ચઢી રહ્યા હતાં તે દરમિયાન મુસાફરોની ભારે ટીંગાટોળી ચઢ-ઉતરમાં થવા પામી હતી. કોઈ પીક પોકેટર આ તકનો લાભ લઈને એન.ડી. બલોચના ખિસ્સામાંથી રૂપિયા ભરેલું પાકીટ સરકાવી ગયો હતો. તેમના પાકીટમાં રૂ. ૨૫૦૦ રોકડા તથા ડ્રાઈવીંગ લાયસન્સ સહિત આઈકાર્ડ હતં. બસમાં ચઢી ગયા બાદ ખિસ્સામાં હાથ નાંખ્યો ત્યારે પાકીટ ગાયબ હતું જેથી કોઈ શખ્સ ભીડભાડમાં ખિસ્સુ કાતરી ગયો હોવાનો અંદાજ આવી ગયો હતો. આ ઉપરાંત આજે સવારે અન્ય બે મુસાફરોના પણ પાકીટ ચોરાયા હતાં .

જો કે મુસાફરોએ પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું. ઉલ્લેખનીય બાબત છે કે ગુન્નાઓનો અખાડો બની ચુકેલા ગાંધીનગર ડેપોમાં પોલીસ પોઈન્ટ મુકવા અનેક વાર રજુઆતો થયેલી છે જેને પગલે પોલીસે જગ્યાની માંગણી પણ કરી હોવા છતાં એસ.ટી. નિગમ દ્વારા જગ્યા ફાળવવામાં ઠાગાઠૈયા કરવામાં આવતા પોઈન્ટ મુકવામાં પોલિસ પણ નિષ્ફળ ગઈ છે. હવે જોવું રહ્યું કે આવક રળવા પાછળ પડેલા તંત્રની આંખ હજુ કેટલા મુસાફરોના ખિસ્સા ખાલી થયા બાદ ખુલે છે...!!

સ્વામીનારાયણ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓની ઉત્તરાયણ પર્વે શૂશ્રુષા-બર્ડ હેલ્પલાઈન ચાલશે

ગાંધીનગર, તા. ૧૨

સત્સંગ શિક્ષા પરિષદ ગાંધીનગર સંચાલિત સ્વામીનારાયણ હાઈસ્કૂલ એન્ડ હાયરસેકન્ડરી સ્કૂલના ટ્રસ્ટી શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસ, રામસ્વામી તથા અક્ષર પ્રકાશ સ્વામીના આશીર્વચન સાથે અને શાળાના શિક્ષક મયૂરભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શાળાના વિદ્યાર્થી મીત પટેલ અને અન્ય મિત્રો તા. ૧૪ અને ૧૫મી જાન્યુઆરી દરમિયાન દોરીથી ઘાયલ થયેલા અબોલ પક્ષીઓની સારવારનો કેમ્પ 'શૂશ્રુષા-બર્ડ હેલ્પલાઈન' સ્વામીનારાયણ ગુરુકુળ, આઈ.બી.પી., પેટ્રોલપંપની સામે, ઘ-૫, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે શરૂ કરશે. ઘાયલ થયેલા પક્ષીઓને તાત્કાલિક સારવાર મળે તે માટે નગરજનોએ મો. નં. ૯૦૩૩૩ ૩૧૭૭૦ અથવા મો. નં. ૯૦૩૩૩ ૩૧૭૭૧ ઉપર સંપર્ક કરવો. ઘાયલ પક્ષીઓને કેમ્પમાં સમયસર પહોંચાડવા પક્ષીપ્રેમીએ વિનંતી કરી છે.

હવેલી પરગણા વણકર સમાજમાં કારોબારી સભ્ય બનવા નિમંત્રણ

ગાંધીનગર શહેરના શ્રી હવેલી પરગણા વણકર સમાજના પ્રમુખ નટવરલાલ સોલંકીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગરમાં વસવાટ કરતા સમાજના પરિવારનાં સભ્યોમાંથી જે કોઈ સભ્યને કારોબારી સભ્ય તરીકે જોડાવવાનું હોય તો તેઓએ સત્વરે શ્રી હવેલી પરગણા વણકર સમાજ ગાંધીનગર શહેરના પ્રમુખ નટવરલાલ સોલંકીનો સંપર્ક કરવો.

ગાંધીનગરમાં પક્ષી બચાવો અભિયાન રેલી યોજાઈ

માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ ગાંધીનગર અને વનશ્રી ટ્રસ્ટ દ્વારા પક્ષી બચાવો અભિયાન રેલી તાજેતરમાં યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓ વિવિધ પક્ષીઓની પ્રતિકૃતિ બનાવી 'દોરીથી દોરી કાપો, કોઈની જીવાદોરી નહી' જેવા સૂત્રોચ્ચાર કરી પક્ષી બચાવો અભિયાનમાં જોડાયા હતા. ગાંધીનગરના વનશ્રી ટ્રસ્ટ અને માઉન્ટ કાર્મેલ શાળાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી પક્ષી બચાવો અભિયાન રેલીમાં શાળાના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લાના ગ્રીન મોટીવેટર અંજના નિમાવતે 'સેવ બર્ડ' પર વિશેષ માહિતી આપી હતી. વિદ્યાર્થીઓ સેક્ટર-૨૧ના શાકમાર્કેટ પતંગ બજાર વગેરે જગ્યાએ ફર્યા હતા અને 'દોરીથી દોરી કાપો, કોઈની જીવાદોરી નહી' એવા સૂત્રોચ્ચાર કરીને લોકોમાં એક અનોખી લાગણી ઉભી કરી હતી. રેલીમાં શાળાના શિક્ષક શીતલ દવે, મનીષાબેન પટેલ અને વનશ્રીના દર્શિત પૂરોહિતે ખાસ હાજરી આપી બાળકોને જરૂરી માર્ગદર્શન પુરુ પાડી પક્ષી બચાવો અભિયાન રેલી સફળ બનાવી હતી. શાળાના આચાર્યા સિસ્ટર રેણુકા દ્વારા સુંદર સહયોગ સાંપડ્યો હતો. (તસવીર : દિપક જાની)

સિવિલમાં દર્દીની પીઠમાંથી ૧૦ કીલો ચરબીની ગાંઠ કાઢી

સર્જન ડૉ. ગઢવી સહિતની ટીમે ઓપરેશન પાર પાડયું

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે ચરબીનું કેન્સર ધરાવતા દર્દીની પીઠમાંથી તબીબી ટીમે ૧૦ કિલોની ગાંઠ કાઢી હતી. લાઈપો સાઈકોમાની સર્જરી દરમિયાન દર્દીની પીઠમાંથી તોતિંગ ગાંઠ કાઢવામાં આવી હતી.

શહેરની સિવિલ હોસ્પિટલમાં આજે ચરબીના કેન્સરથી પીડીત દર્દીના શરીરમાંથી ૧૦ કિલોની ગાંઠ કાઢવામાં આવી હતી. ૭૫ વર્ષીય ભગવાનભાઈ આહીરને ત્રણ વર્ષ અગાઉ આ પ્રકારની ગાંઠ થઈ હતી. આ દરમિયાન પણ ઓપરેશન કરી ગાંઠ દૂર કરવામાં આવી હતી. સિવિલના તબીબી સૂત્રોના જણાવ્યા અનુસાર દર્દીને ત્રણ વર્ષના અંતે ચરબીની તોતિંગ ગાંઠ નીકળતા આજે ઓપરેશન કરવામાં આવ્યું હતું. સર્જન ડૉ. જયદીપ ગઢવીએ સફળ ઓપરેશન પાર પાડી દર્દીના પીઠના ભાગમાંથી ગાંઠ બહાર કાઢી હતી. ઓપરેશનની કામગીરી દરમિયાન એનેસ્થેટીક ઉત્તમા સોલંકી, ઓ.પી.ડી. આસિસ્ટન્ટ ચંદ્રેશ રાઠોડ તેમજ સ્ટાફ નર્સ કોમલ દાતાણીએ સેવા પૂરી પાડી હતી.

બી.એસ.એફ. કેમ્પમાં મહિલા પી. એસ. આઈ.એ ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર

આસી. કમાન્ડન્ટ પતિ તાલીમમાં આવ્યા હતા : દોઢ માસ પહેલા જ લગ્ન થયા હતાં

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક આવેલા લેકાવાડા ગામની સીમમાં સ્થિત બી.એસ.એફ. કેમ્પ ખાતે ટ્રેનીંગમાં આવેલા આસી. કમાન્ડન્ટની પી.એસ.આઈ. પત્નિએ પોલિસ મેસમાં જ કોઈ અગમ્ય કારણોસર દુપટ્ટો પંખે બાંધીને ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. આપઘાત કરવા પાછળનું રહસ્ય હજુ અકબંધ છે પરંતુ લગ્નગાળાને માત્ર દોઢ મહિનો જ થયો હોવાથી આ બાબતની ગંભીરતાથી ગાંધીનગર ડીવાયએસપીએ તપાસ આરંભી છે.

ગાંધીનગર નજીક આવેલા બીએસએફ કેમ્પમાં પોલીસ મેસ ખાતે રૂમ નંબર ૧૧માં રહેતા સુનિલકુમાર પ્રતાપભાઈ મુંડ આસી. કમાન્ડન્ટની તાલીમ લઈ રહ્યા હતા. તેમના લગ્ન દોઢ મહિના પહેલા જ પ્રિતીકુમારી સાથે થયા હતા. ૨૬ વર્ષીય પ્રિતીકુમારી દિલ્હી પોલીસમાં પીએસઆઈ તરીકે ફરજ બજાવતી હતી. પ્રિતીકુમારી પતિને ત્યાં બી.એસ.એફ. કેમ્પમાં આવી હતી. દરમિયાન આજે બપોરનાં સુમારે રૂમનાં દરવાજાને અંદરથી સ્ટોપર મારી દઈ મહિલા પી.એસ.આઈ. પ્રિતીકુમારીએ કોઈ અગમ્ય કારણોસર પંખે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. ટ્રેનીંગમાં ગયેલા પતિ આસી. કમાન્ડન્ટ ઘરે આવ્યા ત્યારે દરવાજો ખટખટાવતા કોઈએ ખોલ્યો ન હતો. દરવાજાને ધક્કો મારીને સ્ટોપર તોડી અંદર જઈને જોયું તો પત્નિ પંખે લટકેલી હાલતમાં હતી. ચોંકીને સ્તબ્ધ થઈ ગયેલા પતિએ તાત્કાલિક પોલીસને જાણ કરતાં ચિલોડા પોલિસ દોડી આવી હતી અને મૃતદેહ પી.એમ. માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ આરંભી છે. દોઢ માસ પહેલા જ લગ્ન ગ્રંથિથી બંને જોડાયા હોવાથી આપઘાત કરવા પાછળનું જ ચોકકસ કારણ બહાર લાવવા ડીવાયએસપીએ સઘન તપાસ આરંભી છે.

રસ્તો ઓળંગી રહેલા અડાલજના પ્રૌઢને બેફામ જતી કારે કચડી નાંખ્યા

અકસ્માત બાદ કાર મુકીને ચાલક ફરાર : એસ.જી. હાઈવે પર અડાલજની સીમમાં મહારાજ હોટલ સામે બનેલો બનાવ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર-સરખેજ હાઈવેપર અડાલજ ગામની સીમમાં સ્થિત મહારાજા હોટલ સામે એક પ્રૌઢ હાઈવે ક્રોસ કરી રહ્યા હતા તે દરમિયાન બેફામ ગતિએ નીકળેલી કારે તેમને અડફેટે લઈ લેતા ગંભીર રીતે ઘવાયા હતાં. તાત્કાલિક અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા પરંતુ તેમનું સારવાર દરમિયાન પ્રાણ પંખેરું ઉડી જવા પામ્યું હતું. અડાલજ પોલીસે કાર નંબર નોંધીને તેના ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરી શોધખોળ શરૂ કરી દીધી છે.

અડાલજ ગામમાં રહેતા ૫૨ વર્ષીય પ્રૌઢ કાંતિભાઈ કેશવલાલ વારણ આજે બપોરના અરસામાં અડાલજની સીમમાં સરખેજ-ગાંધીનગર હાઈવેને અડીને આવેલી મહારાજ હોટલ સામેથી રસ્તો ઓળંગી રહ્યા હતા તે દરમિયાન હાઈવે પરથી બેફામ સ્પીડે જીજે-૧ કે.ઈ. ૭૯૦ નંબરની ગાડી નીકળી અને રસ્તો ઓળંગી રહેલા પ્રૌઢની ઉપર ગાડી ચઢાવી દેતા ફંગોળાઈને રસ્તા વચ્ચે પટકાયા હતાં. લોહીલુહાણ હાલતમાં પ્રૌઢને સોલા હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા પરંતુ હાલત વધુ ગંભીર જણાતાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતાં. જયાં સારવાર દરમિયાન તેમનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. તો બીજી તરફ કાર મુકીને ચાલક પલાયન થઈગયો હતો. અડાલજ પોલિસે કાર નંબર નોંધીને ફરાર થઈ ગયેલા ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરી તેની શોધખોળ શરૂ કરી છે.

જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગરના હોદ્દેદારોનો શપથવિધિ સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગરના હોદ્દેદારોની તાજેતરમાં વરણી થતાંતેમનો સોગંદવિધિ સમારોહ સેકટર-૨ ઉની લગ્નવાડી ખાતે યોજાયો હતો.

જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગરના પ્રમુખ તરીકે બાબુભાઈ પટેલની વરણી થતાં તેમની સોગંદવિધિ જાયન્ટસ ઈન્ટરનેશનલ ફેડ-૩ સીના પ્રમુખ દુપદભાઈ જોષી મહેસાણાએ લેવડાવી હતી. ફેડરેશનના ઉપપ્રમુખ કમલેશભાઈ શાહે હોદ્દેદારો અને કારોબારી સમિતિના સભ્યોને શપથ લેવડાવ્યા હતા. રમેશભાઈ પટેલને ડાયરેકટર ઓફ એડમીનીસ્ટ્રેશન તરીકેના તથા ભાનુપ્રસાદ ભટ્ટને ડાયરેકટર ઓફ ફાયનાન્સ તરીકેના શપથ લેવડાવ્યા હતા અને નવા કારોબારીના સભ્યોએપણ શપથ લીધા હતા. જાયન્ટસ ઈન્ટરનેશનલ ફેડરેશન-૩સીએ ગૃપમાંજોડાયેલા ૧૪ સભ્યોને તથા સાહેલી ગૃપમાં નવા જોડાયેલા ૪ સભ્યોને સાંકાભાઈ પટેલે શપથ લેવડાવ્યા હતા.

નવા વરાયેલ પ્રમુખ બાબુભાઈ એમ. પટેલે જણાવ્યું હતું કે, સાંકાભાઈ પટેલે પ્રમુખપદે રહીને, બેસ્ટ પ્રેસીડેન્ટનો યુનિટ કક્ષાનો એવોર્ડ, ફેરરેશન કક્ષાએ બેસ્ટ પ્રેસીડેન્ટનું પ્રમાણપત્ર તથા જાયન્ટસ ઈન્ટરનેશનલ કક્ષાએ પણ બેસ્ટ પ્રેસીડેન્ટનું પ્રમાણપત્ર મળેલ છે. તેઓના સેવાકીય કામની કદર થયેલ છે. સાંકાભાઈએ આપણા ગૃપને અનેક એવોર્ડ અપાવેલ છે તે માટે અભિનંદન પાઠવ્યા હતા. બાબુભાઈ એમ. પટેલે જણાવ્યું હતું કે તેઓ આગામી સમયમાં કેન્સરના રોગથી પીડાતા દર્દીઓ માટે દર મહિને એક સ્વૈચ્છિક બ્લડ ડોનેશન કેમ્પ, ગ્રામ્ય વિસ્તારમાં નેત્ર ચિકિત્સા તથા દંત ચિકિત્સા કેમ્પ, પશુ સારવાર કેમ્પ, વૃક્ષારોપણ કાર્યક્રમ, વૃક્ષનારાયણની કથા, બેટી બચાવો કાર્યક્રમો, જુના કપડાં અને ગરમ કપડાં ઉઘરાવી ઝૂંપડાવાસીઓમાં વિતરણ, વ્યસન મુકિત કાર્યક્રમ, ગુસ્સા નિયંત્રણ પરનું પ્રવચન, નવરાત્રીમાં શેરી ગરબા સ્પર્ધા તથા જાયન્ટસ સમાહની ઉજવણી વગેરે કાર્યક્રમો કરવા નિર્ધાર કર્યો હતો.

જાયન્ટસ ઈન્ટરનેશનલ ફેડરેશન-૩સીના પ્રમુખ દ્રુપદભાઈ જોષી, ઉપપ્રમુખ કમલેશભાઈ શાહ તથા તત્કાલિક પ્રમુખ વિ.કે. પટેલે પોતાના પ્રાસંગિક પ્રવચનોમાં જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર મેઈનના સેવાકીય કામોને બિરદાવ્યા હતા અને નવા વરાયેલા પ્રમુખે જે કામો માટે નિર્ધાર કરેલ છે તે માટે શુભેચ્છા પાઠવી હતી.

સમારંભના મુખ્ય મહેમાન અજન્ટા માર્બલ એન્ડ સ્ટોનના માલિક રમણભાઈ પટેલે, સાંકાભાઈ પટેલના નેતૃત્વ નીચે ગ્રામ્ય વિસ્તારોમાં નેત્ર ચિકિત્સા કેમ્પ કરી ગરીબ અને છેવાડાના માનવીને ફકત ૨૦ રૂપિયામાં ચશ્મા વિતરણ કરેલ છે તથા બ્લડ ડોનેશન કેમ્પ કરી લોકોમાં રકતદાન કરવાનો જે ભય હોય છે તે ભય નાબુદ કરવા પ્રયત્ન કરેલ છે તે અભિનંદનને પાત્ર છે. રમણભાઈ પટેલે ૬૬ વર્ષના પ્રમુખ સાંકાભાઈ જે. પટેલને શાલ ઓઢાડીને બહુમાન પણ કર્યુ હતું અને બાબુભાઈ પટેલને પ્રમુખપદના હોદ્દા માટે હાર્દિક અભિનંદન પાઠવી સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી.

સાબર કોલેજમાં કેનેડીયન અને સ્વીડનના નિષ્ણાતોએ મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૨

પ્રાંતિજ તાલુકાના મજરા પાસે આવેલ સાબર ઈન્સ્ટીટયુટમાં આજે બપોરે વાયબ્રન્ટ સમિટમાં આમંત્રિત કેનેડીયન અને સ્વીડનના શિક્ષણ નિષ્ણાતોએ મુલાકાત લીધી હતી અને વિદ્યાર્થીનીઓને માહિતી તેમજ માર્ગદર્શન પુરું પાડયું હતું.

વાયબ્રન્ટ ગુજરાતમાં આમંત્રિત કેનેડાના ડૉ. ઈરીક વીલીયમ ફવારો શિક્ષણ ક્ષેત્રે ડોકટરની ડીગ્રી ધરાવે છે. અને સ્વીડનના ડૉ. લાર્સ કે. એકલુન્ડે એજયુકેશનલ લીડરશીપ અને ઓર્ગેનાઈઝેશનલ ડેવલપમેન્ટના નિષ્ણાંત છે. બંને આમંત્રિતો દ્વારા સાબર કોલેજની યુવા વિદ્યાર્થીનીઓને ઈજનેરને લગતી વિશેષ માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીનીઓએ પુછેલા જિજ્ઞાસાપૂર્ણ પ્રશ્નોના નિષ્ણાંતો દ્વારા યોગ્ય જવાબો પણ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી મનિષભાઈ પટેલ, સંદિપ પટેલ-ડાયરેકટર પ્રવેશ ભાદવીયા, મિગ્નેશ પારેખ, ચેરમેન કામાર્વત કોર્પોરેશન તેમજ અધ્યાપકો હાજર રહ્યા હતાં.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૬

સૂર્યાસ્ત : ૬.૧૭

તાપમાન

મહત્તમ : ૩૧.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૧.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૩૧ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ટેબલ નં. ૨૧ : ૧૦.૦૦
મટરું કી બિજલી કા મન ડોલા :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫

: સ્ક્રીન-૨ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૦૦, ૪.૩૦, ૭.૩૦
દબંગ-૨ : ૧.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૬.૩૦, ૯.૪૫

: સ્ક્રીન-૪ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૦૦
ટેબલ નં. ૨૧ : ૧૨.૪૫, ૩.૦૦
દબંગ-૨ : ૫.૦૦, ૭.૩૦

: સ્ક્રીન-૫ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૩.૩૦, ૯.૪૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૯.૧૫, ૧૨.૧૫, ૬.૧૫, ૯.૧૫
લાઈફ ઑફ પાય ૩ડી(હિન્દી) : ૩.૧૫

: સ્ક્રીન-૨ :
ટેબલ નં. ૨૧ : ૧૦.૦૦, ૩.૦૦, ૮.૦૦
દબંગ -૨ : ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
મટરું કી બિજલી કા મન ડોલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
મટરું કી બિજલી કા મન ડોલા :૮.૩૦, ૧૧.૩૦, ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦

સૂર્યા, વાવોલ

મટરું કી બિજલી કા મન ડોલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
તારા રૂદિયાની રાણી બોલે બંધાણી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
વિશ્વરૂપ: ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
મટરું કી બિજલી કા મન ડોલા :૧૦.૪૫, ૧.૩૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
દબંગ-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦
મટરું કી બિજલી કા મન ડોલા : ૬.૩૦

વિરાગ, કલોલ

ઘાયલ (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

સામાજિક

- સાહિત્ય સભા ગાંધીનગર દ્વારા સાંજે ૪.૩૦ કલાકે, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સેકટર-૨૧ ખાતે 'કવિ કાલિદાસ' વિષય પર વ્યાખ્યાન યોજાશે.

ધાર્મિક

- પ્લોટ નં. ૬૬૯, આદર્શનગર, પીળો પટ્ટો સેકટર-૨૪ ખાતે મગનભારતી ગોસ્વામીના યજમાન પદે અને ગોસ્વામી સંજયભારતીની વ્યાસપીઠે સંગીતમય સુંદરકાંડ પાઠનું આયોજન રાત્રે ૮.૦૦ કલાકે યોજાશે.

આપની આજ

મેષ : ધારેલા કાર્યોનું પરિણામ શુભ આવશે. કૌટુંબિક જવાબદારીઓનું ધ્યાન રાખવું. આર્થિક સ્થિતિ સારી રહેશે. દિવસ અનુકૂળ રહેવાની શકયતા છે.

વૃષભ : આપના પ્રયાસોથી ઉન્નતિનો માર્ગ મોકળો થઈ શકશે. અનાયાસ જ ધન લાભ થવાની સંભાવનાઓ છે. સામાજિક કાર્યોમાં રુચિ વધશે. નોકરીમાં કાર્યની પ્રશંસા થઈ શકશે.

મિથુન : આપે ભાગ્ય પર છોડીને કરેલા કાર્યોમાં અનુકૂળતા મળી શકશે. માંગલિક ઉત્સવોમાં સામેલ થવાનો અવસર આવશે. બીજાની સાથે નકામા ન સંકળાવું.

કર્ક : વ્યાપાર-વ્યવસાયક્ષેત્રે નવા કરારો દ્વારા આર્થિક કાર્યોના વિસ્તાર સંબંધી કાર્ય થઈ શકશે. આપને કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યમાં ભાગદોડ થવાની સંભાવનાઓ છે.

સિંહ : મકાન- જમીન સંબંધી કાર્યોમાં બનવા જેવું ન થાય તેની કાળજી રાખવી. પોતાના પ્રયત્નોથી જ લોકપ્રિયતા અને સામાજિક સન્માન પ્રાપ્ત કરી શકશો.

કન્યા : પોતાનાથી કોઈ ભૂલ ન થાય તેની કાળજી રાખવી. નહિતર વિરોધીઓ હાવી થઈ શકે છે. સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમત્તાથી કરવો. વ્યવસાયિક લાભ થઈ શકશે.

તુલા : વેપાર- વ્યવસાયક્ષેત્રે સફળ યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. પરસ્પરના સંબંધોને મહત્વ આપવું ઘણું મહત્વનું છે.

વૃશ્ચિક : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા માન- સન્માન પ્રાપ્ત વૃદ્ધિ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. અપરણિતોનાં લગ્ન સંબંધી માંગા આવશે.

ધન : વહીવટના ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરીય, કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વગેરેમાં વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે.

મકર : આર્થિક સ્થિતિ મધ્યમ રહેશે. સ્વજનોથી મેળમેળાપ થઈ શકશે. શારીરિક પીડા થવાની સંભાવનાઓ છે. આરોગ્યનું ધ્યાન રાખવું.

કુંભ : વધારે બીજાના વિશ્વામાં ન આવવું. વ્યવસાયિક યોજનાઓ સ્વયંની પ્રતિષ્ઠા અને માન- સન્માનને અનુરૂપ કાર્ય થઈ શકશે. ધન સંચય થશે.

મીન : આજે મહત્વના કાર્યો થઈ શકશે. નવા વિચાર કે યોજનાઓ પર ચર્ચા- વિચારણા થઈ શકે છે. સામાજિક અને રાજકીય ખ્યાતિમાં વૃદ્ધિ થઈ શકશે. વ્યાવસાયિક લાભ પ્રાપ્તિ થશે.

ચિરવિદાય

- સ્વ. પટેલ હસમુખી જશવંતભાઈ (ઉ.વ.૭૩) પ્લોટ નં. ૫૦૨/૨, સેકટર-૧૨-બી, ગાંધીનગર.
- સ્વ. વણઝારા ભીખાજી સુંદરજી (ઉ.વ.૬૭) ગોકુળપુરા સામેના નવા છાપરાં, સેકટર-૧૪, ગાંધીનગર.
- સ્વ. નાથી હિરાબેન વિરચંદભાઈ (ઉ.વ.૯૨) મુ.પો પ્રતાપનગર, તા. માણસા, જિ. ગાંધીનગર.